**રાજ્યના અગરિયાઓ ને મીઠાના ઉત્પાદન માટે સોલારપંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજનાના ઠરાવ અન્વયેની જરૂરી માર્ગદર્શિકા તૈયાર કરવા તથા સોલારપંપ સિસ્ટમની જરૂરી ટેકનિકલ સ્પેસીફીકેશનના માપદંડ નક્કી કરવા માટે અધિક ઉદ્યોગ કમિશનરશ્રી(વિસ્તરણ) ના અધ્યક્ષસ્થાને તા.૦૬/૦૧/૨૦૧૮ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધઃ-**

સદર બેઠકમાં નીચે દર્શાવ્યા મુજબના સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ/પ્રતિનિધિશ્રીઓ હાજર રહેલા હતા.

| ક્રમ નં | નામ | હોદ્દો અને કચેરી |
|---|---|---|
| ૧ | શ્રી એચ.ડી. શ્રીમાળી | અધિક ઉદ્યોગ કમિશનરશ્રી (વિસ્તરણ)<br>ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી |
| ૨ | શ્રી આર.ડી. બારહટ | સંયુક્ત ઉદ્યોગ કમિશનરશ્રી (સોલ્ટ-ટેક્ષ),<br>ઉધોગ કમિશનરશ્રીની કચેરી |
| ૩ | શ્રી એસ.બી.પારેજીયા | જનરલ મેનેજરશ્રી<br>જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગર |
| ૪ | શ્રી જી.પી. ઝાલા | જનરલ મેનેજરશ્રી<br>જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મોરબી |
| ૫ | શ્રી આર.જે.શેલત | ઉદ્યોગ અધિકારીશ્રી<br>ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી |
| ૬ | શ્રી હરીણેશ પંડ્યા | પ્રમુખશ્રી<br>અગરિયા હિત રક્ષક મંચ |
| ૭ | શ્રી બચુભાઈ આહીર | પ્રમુખશ્રી<br>કચ્છ સ્મોલ સ્કેલ સોલ્ટ મેન્યુ.એસોસિયેશન |
| ૮ | શ્રી સુલતાનભાઇ. એ. પટેલ | પ્રમુખશ્રી<br>સેન્ટ્રલ સાઉથ ગુજરાત સોલ્ટ મેન્યુ.એસોસિયેશન |
| ૯ | શ્રી બી.સી.રાવલ | પ્રમુખશ્રી<br>ઇન્ડિયન સોલ્ટ મેન્યુ.એસોસીયેશન |
| ૧૦ | શ્રી રાજ ગરાસીયા | રિપ્રેઝન્ટેટિવશ્રી<br>ભાવનગર ડીસ્ટ્રીકટ સોલ્ટ મેન્યુ.એસોસિયેશન |
| ૧૧ | શ્રી પી.એસ.તનેજા | પ્રોજેક્ટ ઓફિસરશ્રી<br>ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી |

બેઠકની શરૂઆત સર્વે આમંત્રિતશ્રીઓને આવકારી ઔપચારિક પરિચય સાથે થઇ. ત્યારબાદ અધિક ઉદ્યોગ કમિશનરશ્રી (વિસ્તરણ) એ સૌપ્રથમ એશોશિએશનોને તથા ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (ગેડા) ને આ બેઠકનો ઉદ્દેશ જણાવી, સંલગ્ન મુદ્દાઓ વિષે ચર્ચા આરંભી.

૧). સૌપ્રથમ અધિક ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા વિવિધ એશોશિએશનો સાથે ચર્ચા કરી, ૧૦ એકર સુધીની લેન્ડ લીઝ ધરાવતા હોય તેવા અગરિયાઓને અથવા જે અગરિયા લીઝધારક નથી પરંતુ ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનું ઓળખકાર્ડ ધરાવે છે, અને પોતાની રીતે મીઠું પકવતા હોય તેવા અગરિયાઓ કાંટા પાવતી રજૂ કરીને સોલાર પંપ સિસ્ટમ માટે લાયકાત ધરાવશે તેમ સ્પષ્ટતા કરવામાં આવી.

૨). યોજનામાં સોલાર પંપ સિસ્ટમ ના જરૂરી કોમ્પોનેન્ટ્સ જેવા કે, સોલાર પેનલ, કંટ્રોલર, પંપ, નેવીગેશન સ્ટેન્ડ અને સેફટી ફેન્સીંગ નો સમાવેશ કરવામાં આવશે તેમ અધિક ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા સર્વાનુમંત જાણી નક્કી કરવામાં આવ્યું.

૩). ઠરાવમાં સોલાર પંપ સીસ્ટમ ફાળવવા માટે ૮૦% લેખે મહત્તમ કેટલી સહાય આપવી તેની રકમ નક્કી કરેલ ન હોવાથી, અધિક ઉદ્યોગ કમિશનરશ્રી એ ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (ગેડા) ના પ્રતિનીધી સાથે ચર્ચા કરી. ઓવર ઇનવોઇસીંગ ની સમસ્યા નિવારવા માટે અધિક ઉદ્યોગ કમિશનરશ્રીએ હોર્સ પાવર રેટિંગ મુજબ મહત્તમ કિંમત્ત નક્કી કરવા જણાવ્યું. ગેડા ના પ્રતિનીધી દ્વારા ૩ હોર્સ પાવર રેટિંગ અને ૫ હોર્સ પાવર રેટિંગ ધરાવતા Stainless Steel ના પંપ માટે તમામ જરૂરી કોમ્પોનેન્ટ્સ સાથેની મહત્તમ કિંમત્ત જણાવી. જેની વિગત નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ છે. વિગતો ના તમામ મુદ્દા અધિક ઉદ્યોગ કમિશનરશ્રીએ ચકાસી ઉદ્યોગ અને ખાણ વિભાગ ની મંજુરી માટે મોકલી આપવા જણાવ્યું.

| અનું ક્રમ | હોર્સ પાવર | મહત્તમ કિમંત રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૩ હોર્સ પાવર | ૨,૫૦,૦૦૦ |
| ૨ | ૫ હોર્સ પાવર | ૩,૫૧,૦૦૦ |

૪). જે અગરિયા ૧૦ એકર સુધીના લીઝધારક છે તથા ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડનું ઓળખકાર્ડ ધરાવતા નથી તેવા અગરિયાઓને કક્ષા-૧ નું ઓળખકાર્ડ આપવાની કાર્યવાહી કરવા માટે ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડને જાણ કરવા અધિક ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા જણાવવામાં આવ્યું.

૫). યોજના હેઠળ જે અગરિયાઓને સોલાર પંપ સીસ્ટમ આપવામાં આવેલ હોય તે અગરિયાઓ પાંચ વર્ષ સુધી સોલાર પંપ સીસ્ટમ વેચી નહી શકે, તેવું અધિક ઉદ્યોગ કમિશનરશ્રીએ સુચન કર્યું.

૬). યોજના હેઠળ જે અગરિયાઓને સોલાર પંપ સીસ્ટમ આપવામાં આવેલ હોય તે અગરિયાઓને ઉદ્યોગ આધાર કાર્ડ રજુ કરવા જરૂરી છે, આથી અગરીયાઓ ની સહાયતા માટે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે ઉદ્યોગ આધાર કાઢી આપવામાં આવશે તેવા આદેશ અધિક ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા આપવામાં આવ્યા તથા એસોસિયેશનો ને પણ આ બાબતે મદદરૂપ થવા જણાવ્યું.

૭). સંયુક્ત ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા ગુજરાત રાજ્ય ના અગરિયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલાર પંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજનાના તૈયાર થયેલ ફોર્મના માળખાને અંતિમ રૂપ આપવા માટે ઉપસ્થિત સૌ સાથે ચર્ચા કરી, અને ફોર્મના માળખામાં જરૂરી સુધારા નક્કી કરવામાં આવ્યા.

૮). એસોસિયેશનના પ્રતિનીધીઓ દ્વારા State Bank Of India ના અધિકારીઓ સાથે ગુજરાત રાજ્ય ના અગરિયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલાર પંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજના ની ચર્ચા કરી, જે

મુજબ State Bank Of India આ યોજના માટે નવી લોન પ્રોડક્ટ તૈયાર કરવાની ઉત્સુકતા બતાવી હતી. જે અંગે Leading Bankers સાથે ચર્ચા કરી માન. ઉદ્યોગ કમિશનરશ્રી અગરિયાઓને સોલાર પંપ સિસ્ટમ વસાવવામાં અનુકૂળ લોન પ્રોડક્ટ તૈયાર કરવા માટે બેઠક કરશે તેવી સંમતિ એસોસિયેશનને અધિક ઉદ્યોગ કમિશનરશ્રી દ્વારા આપવામાં આવી.

અંતમાં કોઇ ચર્ચા બાકી ન રહેતાં સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી એ સર્વે આમંત્રિતશ્રીઓનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરી.

સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી(સોલ્ટ/ટેક્ષ)